# <u>અખબારી યાદી (Press Note)</u>

## ૬૪મી વર્લ્ડ કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનની મળેલી પરિષદમાં મહત્વના બે પરિસંવાદોમાં ગુજરાતને અપાયુ મહત્વ

ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ યુગાન્ડા ખાતે તા.૨૪મી સપ્ટેમ્બર થી તા.૨૮ સપ્ટેમ્બર-૨૦૧૯ દરમિયાન યોજાયેલ ૬૪મી કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનની પરિષદમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે હાજરી આપેલ હતી. અધ્યક્ષશ્રીની ટીમમાં માન. ધારાસભ્યશ્રી શૈલેષભાઇ પરમાર અને શ્રી વિવેકભાઇ પટેલ પણ જોડાયા હતાં. આ પરિષદમાં કોમનવેલ્થના ૬૫ દેશોના ૧૭૫ બ્રાન્ચના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

માન. અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીને "The Role of Parliament in the doctrine of Separation of Powers; Enhancing Transparency and Accountability" and "Post Legislative Scrutiny (PLS) - a dimension of the oversight function of Parliament. How is this represented within different political systems ?"

આ બંને વિષયો પરની ચર્ચા દરમિયાન મંચ ઉપરના ત્રણ પેનલ મેમ્બર કે જેમાં બે વિદેશી મેમ્બર હતાં અને ભારતમાંથી એક માત્ર મેમ્બર તરીકે માન. અધ્યક્ષશ્રીને સભા સમક્ષ વિષય પ્રથમ મુકવાની અને ચર્ચાની શરૂઆત કરવાની તક સાંપડી હતી. માન. અધ્યક્ષશ્રીએ ચર્ચા દરમિયાન અનેક પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતાં. આ પરિષદમાં વિવિધ દેશોના પાર્લામેન્ટ/વિધાનસભાના સ્પીકરો અને સભ્યશ્રીઓએ ગૃહમાં હાજર રહી પ્રશ્નોત્તરી કરી હતી.

ઉપરાંત માન. અધ્યક્ષશ્રીને  "Combatting rapid urbanisation and rural decline" એ વિષય ઉપર પોતાના વિચારો વ્યક્ત કરવાનો સૌથી વધુ સમય મોડરેટરે આપ્યો હતો. જેમાં વડાપ્રધાનશ્રી મોદીજીએ લીધેલા પગલાં અને ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આરંભ કરેલા કુલ ૨૦ મહત્વના કાર્યક્રમો જેવા કે મનરેગા, પબ્લિક ટ્રાન્સપોર્ટ, ઓ.ડી.એફ., ૩૬ કરોડ નવા બેંક એકાઉન્ટ, ઉજ્જવલા યોજના, સોઇલ હેલ્થ કાર્ડ વિગેરે વિષે સભામાં હાજર રહેલા વિદેશના માન. સભ્યશ્રીઓ સમક્ષ પ્રકાશ પાડ્યો હતો, ત્યારે સભ્યોએ આ વિગતોને પાટલી થપથપાવી વધાવી હતી. વિધાનસભાના અધ્યક્ષશ્રીએ લોકસભાના અધ્યક્ષશ્રી ઓમ બિરલાજી, ઉત્તર પ્રદેશના અધ્યક્ષશ્રી હૃદય નારાયણ દિક્ષીતજી અને અલગ-અલગ રાજ્યોના અધ્યક્ષશ્રીઓ સાથે ચર્ચા-વિચારણા કરી વિચાર વિમર્શ પણ કર્યો હતો અને માર્ગદર્શન પણ મેળવ્યુ હતું.

વધુમાં, યુગાન્ડા ખાતે માન. અધ્યક્ષશ્રીનું ગુજરાતી સમાજ દ્વારા ખુબ જ ભવ્ય સ્વાગત થયેલું હતું અને અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. માન. અધ્યક્ષશ્રી યુગાન્ડા ખાતે ભારતીય સમુદાયનાં લોકોને મળ્યા હતાં.

માન. અધ્યક્ષશ્રીએ  "Ratri before Navaratri" કાર્યક્રમમાં હાજરી આપી હતી. યુગાન્ડા ખાતે કોન્ફરન્સમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે માન. અધ્યક્ષશ્રીએ ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું.